सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| આંક | : | | | |
| દાખલ તારીખ | : | ૦૭ | ૦૯ | ૨૦૧૭ |
| રજીસ્ટર તારીખ | : | ૦૭ | ૦૯ | ૨૦૧૭ |
| નિકાલ તારીખ | : | ૦૬ | ૦૭ | ૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| કુલ | : | ૦૮ | ૦૯ | ૨૯ |

---

કલોલના એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની અદાલતમાં,
મુ.કલોલ, જી. ગાંધીનગર.

---

**<u>ફોજદારી કેસ નંબર –૧૧૧૯/૨૦૧૭</u>**

| | | |
|---|---|---|
| **<u>ફરિયાદી</u>** | : | શ્રી સરકાર મારફતે<br>વિ.વા.એ.પી.પી.શ્રી<br>વિરુદ્ધ |
| **<u>આરોપી</u>** | ૧. | બકાજી માધાજી ઠાકોર ઉ.વ. ૨૫<br>રહે. ખોરજાપરા, તા.કલોલ, જી.ગાંધીનગર. |

---

**નામદાર સુપ્રીમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017 તથા ધી ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A- અન્વયેના નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ...**

---

## ફોર્મ – એ

| | | |
|---|---|---|
| તહોમતનામા મુજબ તહોમત | : | પ્રોહી ની કલમ–૬૫ એફ મુજબ |
| ફરિયાદી | : | શ્રી ગુજરાત સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | : | સી.જે. નાયક |
| આરોપી | | બકાજી માધાજી ઠાકોર |
| આરોપી તરફે વિ.વ.શ્રી | : | એસ.એ.પઠાણ |

## ફોર્મ –બી

| | | |
|---|---|---|
| ગુનો બન્યા તારીખ | : | ૦૬–૦૩–૨૦૧૭ |
| ફરિયાદ તારીખ | : | ૦૬–૦૩–૨૦૧૭ |
| ચાર્જશીટ તારીખ | : | ૦૭–૦૯–૨૦૧૭ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | : | ૨૨–૦૭–૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | : | ૦૧–૦૬–૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | : | ૦૬–૦૭–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ (જો કોઇ હોય તો) | : | ––– |

### આરોપીની વિગત

| | |
|---|---|
| આરોપીનું નામ | બકાજી માધાજી ઠાકોર |
| ધરપકડની તારીખ | ૩૧–૦૩–૨૦૧૭ |
| જામીન પર મુકત કર્યા હોય તો તેનીતારીખ | –– |
| ગુનાહિત આક્ષેપો | પ્રોહી ની કલમ – ૬૫ એફ મુજબ |
| નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | નિર્દોષ |
| શું સજા કરી | – |
| સી.આર.પી. સી.ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલ છે ? | –– |

## ફોર્મ – સી

### ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદનું લીસ્ટ

**(એ) ફરિયાદપક્ષ તરફે :**

**ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો**

| નં. | સાહેદ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | લાલાજી ગાંભાજી ઠાકોર | પંચ સાહેદ | ૧૯ |

**(બી) બચાવપક્ષ તરફે (જો હોય તો) :**

| નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**(સી) કોર્ટ તરફે (જો હોય તો) :**

| નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**ફરિયાદપક્ષે આંકે પડેલ દસ્તાવેજી પુરાવા :**

**(બી) દસ્તાવેજી પુરાવા :**

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | પ્રોહી રેઇડ અંગેનું પંચનામું | ૨૦ |

## બચાવપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજો :

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

## કોર્ટ તરફે આંકે પડેલ દસ્તાવેજો :

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

-----------------------------------

## –:: ઠરાવ ::–

**આરોપી વિરુદ્ધ તહોમત :**

(૧) હાલના કામે આરોપી વિરુદ્ધ પ્રોહી ની કલમ –પ્રોહી ની કલમ – ૬૫ એફ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે.

**ફરિયાદપક્ષના કેસની ટૂંકી વિગત :**

(૨) આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૬–૦૩–૨૦૧૭ના કલાક ૧૮/૦૦ વાગે મોજે ખોરજાપરા ગામની સીમ પાણીના કોશ પાસે ખુલ્લી જગ્યામાં તા.કલોલ ખાતે પોતાના કબજા ભોગવટામાંથી ગે.કા. વગર પાસ પરમીટે દેશી દારૂ ગાળવાનો વોશ લિ ટર કિં. રૂ.૮૦૦/–નો રાખી પોલીસ રેઇડ દરમ્યાન નાસી જઇ પાછળથી પકડાઇ જઇ કલમ–૬૫ એફ મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

**પોલીસ તપાસ અને ચાર્જશીટ રજૂ થયાની વિગત :**

(૩) આ કામે ફરિયાદીની ફરિયાદના આધારે ગુનો દાખલ થતા, તે અન્વયે તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, પંચો રૂબરૂ બનાવવાળી પ્રોહી રેઇડ મુદામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ કરી, આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ રજૂ કરેલ છે.

**આરોપીને સમન્સ તથા તહોમતનામું :**

(૪) આ કામે આરોપીને ફોજદારી સી.આર.પી.સી.ની કલમ–૨૦૪ અન્વયે જારી કરવામાં આવેલ સમન્સ બજી જતાં, આરોપી અદાલત રૂબરૂ હાજર થયેલ. આરોપીને સી.આર.પી.સી. ની કલમ–૨૦૭ પ્રમાણે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીનું તહોમતનામું આંક–૯ તથા પ્રાથમિક નિવેદન આંક : ૧૦ થી પ્લી

નોંધેલ છે. આરોપીએ તેમના વિરૂદ્ધના આરોપોનો ઈન્કાર કરેલ છે. જેથી આરોપી વિરૂદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી, સી.આર.પી.સી.ની કલમ–૨૪૨ અન્વયે ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૫) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપરોકત જણાવેલ ફોર્મ 'સી' મુજના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે.**

**ફરિયાદપક્ષના પુરાવાનું સમાપન અને આરોપીનું વિશેષ નિવેદન :**

(૬) ફરિયાદપક્ષે ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયા બાદ ફરિયાદપક્ષના વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ફરિયાદપક્ષે રજૂ મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લીધેલ છે. ત્યારબાદ આરોપીનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ તદ્દન નિર્દોષ માણસ હોઈ તેઓ વિરુદધ ખોટો કેસ કરેલાનું જણાવેલ છે.

**બચાવપક્ષનો પુરાવો** :

(૭) બચાવપક્ષ તરફથી કોઈ મૌખિક કે લેખિત પુરાવો રજૂ કરેલ નથી.

**પક્ષકારોની દલીલો :**

(૮) આ કામે ફરિયાદી તથા આરોપી તરફે રેકર્ડ પરનો પુરાવો ધ્યાને રાખી ન્યાયિક હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે. જેમાં મુખ્યત્વે વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરિયાદપક્ષે તેમની દલીલમાં પંચનામુ તથા ફરિયાદને ધ્યાને લઈ આરોપીને સજા કરવા રજૂઆત કરેલી છે. આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરાવાર કરી શકેલ ન હોઈ આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવેલ ન હોઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**મુદ્દા અને તેના નિર્ણયો :**

(૯) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

:૦૧: શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, આ કામના આ કામના આરોપીએ તા.૦૬–૦૩–૨૦૧૭ના કલાક ૧૮/૦૦ વાગે મોજે ખોરજાપરા ગામની સીમ પાણીના કોશ પાસે ખુલ્લી જગ્યામાં તા.કલોલ ખાતે

પોતાના કબજા ભોગવટામાંથી ગે.કા. વગર પાસ પરમીટે દેશી દારૂ ગાળવાનો વોશ લિ ટર કિં. રૂ.૮૦૦/–નો રાખી પોલીસ રેઈડ દરમ્યાન નાસી જઈ પાછળથી પકડાઇ જઈ કલમ–૬૫ એફ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

:૦૨: શું હુકમ ?

**(૧૦)** ઉપરોક્ત મુદ્દાઓ ઉપરના મારા નિર્ણયો નીચે મુજબના છે.

:૦૧: નકારમાં,

:૦૨: આખરી હુકમ મુજબ.

**<u>–::કારણો::–</u>**

**(૧૧)** પુરાવા અધિનિયમ ૧૮૭૨ની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ હાલના કેસની સાબિતીનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. તે દૂર કરવા ફરિયાદપક્ષ દ્વારા ઉપર નોંધેલ ફકરા નં.૦૬ મુજબ લેખિત પુરાવો રેકર્ડ પર રજૂ કરેલ છે. બંને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી. કાયદાના લાગુ પડતાં પ્રબંધો ધ્યાને લીધા.

**(૧૨)** આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક:૧૯ થી લાલાજી ગાંભાજી ઠાકોર**નાઓ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આશરે ૯ વરસ અગાઉ તેઓ ગટેરા તળાવ આગળથી ખેતી અર્થે જતા હતા ત્યારે તેઓને કલોલ તાલુકા પોલીસે બોલાવી એક તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરેલ. તેઓને પંચનામાની હકીકત શું હતી તેની ખબર નથી. તેઓને રેઈડ અંગેનું આંક–૨૦ વાળું ઝેરોક્ષ પંચનામું બતાવવામાં આવે છે. જેમાં પંચ–નં.૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં તેઓ રૂબરૂ પોલીસે કોઈ મુદામાલ કબજે કરેલ હોય તેવું બનેલ નથી. વધુમાં સદર પંચસાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોવાની રજૂઆત કરી વિ.એ.પી.પી.શ્રી દ્વારા આ પંચસાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

(૧૨.૧) ત્યારબાદ આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે.જેમાં **તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે,** તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલ.

(૧૩) આમ, કેસનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામના પંચનામાના પંચ સાહેદે પંચનામાની હકીકતોથી તદ્દન વિરોધાભાષી હકીકતો પોતાની જુબાનીમાં જણાવેલ હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. જે સંજોગોમાં પંચનામાની હકીકતો પુરવાર થતી નથી. વધુમાં આ કામે બનાવવાળી જગ્યા એ જાહેરજગ્યા હોવા છતાં અન્ય કોઇ નજરે જોનાર સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. વધુમાં સદર પ્રોહીબીશનનો મુદ્દામાલ હાલનાઆરોપીઓની કસ્ટડીમાંથી મળી આવેલ હોવાનું તથા વગરપાસ પરમીટે મુદામાલ રાખી હેરફેર કરેલ હોવાનું ફરિયાદપક્ષ પડેલ પુરાવાથી  પુરવાર કરી શકેલ નથી. માત્ર પોલીસ સાહેદની જુબાની પર આધાર રાખી હાલના આરોપીઓને તકસીરવારન ઠરાવી શકાય નહી જેથી આંક ૧ લગત હુકમ કરી ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

આમ, ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઇ મુદ્દા નં. ૦૧  નો નિર્ણય તે રીતે નકારાત્મક આપી મુદ્દા નંબર. ૦૨ સબબ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટની પ્રોહી કલમ – ૬૫ એફ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ અનુસાર આ હુકમ સામે ઉચ્ચ અદાલતમાં અપીલ કે પીટીશન થયેથી જે–તે સમય અદાલત સમક્ષ હાજર રહેવા માટે અગાઉ આપેલ જામીન તે સમયે સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે લીધેલ કિંમતી મુદ્દામાલ અંગે અગાઉ જો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અને જો હુકમ ન થયેલ હોય તો મુદ્દામાલની માલિકી ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે અને અન્ય બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમયે વિત્યેથી નિયમાનુસાર નાશ કરવો.

હુકમ, આજરોજ તારીખ: ૦૬, માહે–જુલાઈ , સને–૨૦૨૬ના રોજ ગાંધીનગર ખાતે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા. ૦૬/૦૭/૨૦૨૬**
**સ્થળ : ગાંધીનગર.**

**( પ્રિયંકા જૈમિન સુરતી )**
**એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**ફર્સ્ટ કલાસ , કલોલ.**
**GJ 01570**